IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

ભારત યુરોપ આર્થિક સંબંધ

Vaghela Divyrajsinh B
Research Scholar, Reg. No.10064
Gujarat University, Ahmedabad.
Dr. Ranjana Dholakiya
Guid, Associate Professor,
Department of Political Science,
Gujarat University, Navarangpura,
Ahmedabad-9.

Abstract

પ્રસ્તુત આર્ટીકલમાં ભારત યુરોપના આર્થિક સબંધ વિશે ચર્ચા કરવામાં આવી છે. જોવા જાઈએ તો ભારત યુરોપ સબંધનો ઇતિહાસ તો ઘણો જૂનો છે પરંતુ તાજેતરમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વિદેશ નીતિએ યુરોપને ભારતીય વ્યૂહાત્મક પ્રાથમિકતાઓમાં ઉચ્ચ સ્થાન આપવા માટે વિશેષ પ્રયાસો કર્યા છે. દાયકાઓના મર્યાદિત સંપર્ક પછી, નવી દિલ્હી હવે યુરોપિયન સંબંધો પર વિશેષ ભાર મૂકે છે. બ્રિટન, ફ્રાન્સ અને જર્મની સાથેના સંબંધોને ફરીથી મજબૂત કરવા અને યુરોપિયન યુનિયન સાથેના સંવાદને મજબૂત કરવાની સાથે, ભારત યુરોપના વિવિધ દેશોને પણ મહત્વ આપી રહ્યું છે, જેમાં દરેકની આગવી આર્થિક અને ભૌગોલિક-રાજકીય ગતિશીલતા છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારત, નોર્ડિક પ્રદેશ અને મધ્ય યુરોપ વચ્ચે વધતા જતાં આર્થિક સબંધો નોંધનીય છે જેની વિસ્તૃત રજૂઆત આ આર્ટિકલમાં કરવા પ્રયત્ન કર્યો છે. આમ, આ આર્ટિક્લમાં ભારત યુરોપ આર્થિક સબંધનો અભ્યાસ કરી તેના વિષે માહિતી આપવા પ્રયત્ન કર્યો છે.

Keywords: યુરોપિયન યુનિયન, ભારત, યુરોપ, ભારત યુરોપ સબંધ, ભારત યુરોપ વેપાર ભાગીદારી, ભારત યુરોપ સબંધનો ઇતિહાસ.

પ્રસ્તાવના

આધુનિક સમયમાં ભારત અને યુરોપ વચ્ચેના વેપારી સંબંધોનો ઇતિહાસ ૧૫મી સદીથી મળે છે. યુરોપિયન બજારોમાં કાપડ, મસાલા, રેશમ અને કીમતી રત્નો જેવા ભારતીય ઉત્પાદનોની ઘણી માંગ હતી. યુરોપિયન વેપારીઓ ભારત સાથે વેપારી સંબંધો બાંધવા માટે ખૂબ ઉત્સુક હતા કારણ કે યુરોપિયન વેપારીઓ ભારત સાથે વેપાર કરીને યુરોપનો મોટો નફો મેળવતા હતા. બ્રિટને ઈ.સ. 1600માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીની રચના કરીને સત્તાવાર રીતે ભારત સાથે વેપાર શરૂ કર્યો હતો અને આ કંપની પાછળથી ભારતની રાજકીય શાસક બની હતી. બ્રિટન સત્તરમી સદીથી ભારતનું મુખ્ય વેપારી ભાગીદાર રહ્યું છે. બ્રિટનની ઇસ્ટ ઇન્ડિયા કંપની ભારત-યુરોપના વેપારી સંબંધોના ઇતિહાસમાં એક સીમાચિહ્નરૂપ સાબિત થઈ હતી, કારણ કે યુરોપના અન્ય ઘણા દેશોએ ભારત સાથે ઇસ્ટ ઇન્ડિયા કંપનીના વોલ્યુમ અને ટ્રેડ ઇન્ટેન્સિટીમાંથી પ્રેરણા મેળવીને ભારત સાથે વેપાર કરવા માટે ટ્રેડ કંપનીઓની રચના કરી હતી. પરિણામે, ભારત અને યુરોપ વચ્ચે વેપારની માત્રા અને તીવ્રતા ખૂબ જ ઝડપી ગતિએ

વધી. જો કે આના પરિણામે ભારતમાં યુરોપિયન દેશોની આર્થિક અને રાજકીય દુશ્મનાવટ થઇ, કારણ કે દરેક યુરોપિયન દેશ તેમનું વેપારી વર્ચસ્વ સ્થાપિત કરવા માંગતો હતો. તેથી ભારત એશિયામાં વેપારનું કેન્દ્ર હતું અને વેપાર પ્રવૃત્તિઓ માટે સમગ્ર યુરોપને આકર્ષિત કરતું હતું. જો કે, સ્વતંત્રતા સુધી ભારતીય વેપારનો મોટો હિસ્સો ઇંગ્લેન્ડ પૂરતો મર્યાદિત રહ્યો છે.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સુધી યુરોપ, ખાસ કરીને બ્રિટન ભારતનું એક વર્ચસ્વ ધરાવતું વેપારી ભાગીદાર હતું, તો બીજી બાજુ એમ કહી શકાય કે યુરોપે એક વસાહત તરીકે ભારતનું શોષણ કર્યું હતું અને ભારતમાંથી યુરોપમાં પુષ્કળ સંપત્તિનો વ્યય થતો હતો. આઝાદી સમયે ભારત કંગાળ થઇ ગયું હતું. અર્થતંત્રને વિકસાવવા માટે ઉદ્યોગો, માળખાગત સુવિધાઓ અને મૂડી નહોતી. ભારતીય નેતૃત્વ માટેનું મુખ્ય કાર્ય અર્થતંત્રનું પુનર્ગઠન કરવાનું અને તેને પરંપરાગત કૃષિમાંથી ઔદ્યોગિક અર્થતંત્રમાં રૂપાંતરિત કરવાનું હતું. નવા ઉભરી આવેલાં રાજ્યો પાસે તેમની આર્થિક પ્રવૃત્તિઓના વિસ્તરણ માટે બે વિકલ્પો હતા, કાં તો યુએસએના નેતૃત્વ હેઠળના મૂડીવાદી જૂથમાં જોડાવા માટે અથવા ભૂતપૂર્વ સોવિયત સંઘના નેતૃત્વ હેઠળના સામ્યવાદી જૂથમાં જોડાવા માટે, પરંતુ ભારત કોઇ પણ જૂથમાં જોડાયુ નહીં અને તેણે બિન-જોડાણવાદી રહેવાનું નક્કી કર્યું, પરંતુ સોવિયત યુનિયન તરફ ઝુકાવ સાથે અને આ વ્યવસ્થામાં યુરોપની ભૂમિકા ખૂબ મર્યાદિત હતી. શીત યુદ્ધના સમયગાળા દરમિયાન આ વ્યવસ્થા સારી રીતે સંચાલિત કરવામાં આવી હતી. સોવિયત યુનિયને માત્ર વિશાળ નાણાકીય સહાય જ પૂરી પાડી ન હતી, પરંતુ મોટી વેપાર ભાગીદારીની પણ સુવિધા આપી હતી. શીત યુદ્ધના સમયગાળા દરમિયાન બંને વચ્ચેનો આ સંબંધ સતત સમૃદ્ધ થતો રહ્યો હતો.

સોવિયત યુનિયનના વિઘટન સાથે ભારતે એક ખૂબ જ વિશ્વસનીય મિત્ર અને વેપાર ભાગીદાર ગુમાવ્યો. શીતયુદ્ધના યુગનો અંત હતો. હવે રશિયા તેના આંતરિક વિરોધાભાસને કારણે ભારત સાથે તે સંબંધો રાખી શક્યું નહીં. આથી આ સૌહાર્દપૂર્ણ સંબંધોની ગેરહાજરીમાં ભારતે નવા વેપારી ભાગીદારોની શોધ કરવી પડી હતી. શીત યુદ્ધ પછીના સમયગાળામાં રાષ્ટ્રો તેમની અર્થવ્યવસ્થાને ફરીથી ઉત્થાનની પ્રક્રિયામાં હતા. વૈશ્વિક સ્તરે આર્થિક પ્રવૃત્તિઓને એકીકૃત કરવા માટે ભારતે જુલાઇ ૧૯૯૧માં આર્થિક સુધારાઓ શરૂ કર્યા હતા. ૧૯૯૦ના દાયકા સુધી ભારતની આર્થિક નીતિ પરંપરાગત રીતે જ પથરાયેલી અને ઉચ્ચ નોકરશાહીયુક્ત રહી હતી અને આત્મનિર્ભરતાના માપદંડની ભારે અસર હેઠળ હતી. ક્વોટા પરવાનગી આપે તે રાજ પ્રણાલી ભારતીય અર્થતંત્રની મુખ્ય લાક્ષણિકતાઓ હતી, પરંતુ શીત યુદ્ધ પછીના સમયગાળામાં, આવા અર્થતંત્ર માટે ટકી રહેવું લગભગ અશક્ય હતું. તેથી તેને ખોલવું પડ્યુ અને તેને ઉદાર બનાવવું પડ્યુ. આ બદલાયેલા દૃશ્યમાં ભારતને ઝડપથી વિકસતા ભારતીય અર્થતંત્રની જરૂરિયાતોને પહોંચી વળવા વેપારી ભાગીદાર તરીકે એક વિશાળ અર્થવ્યવસ્થાની જરૂર હતી. તેથી પુનર્ગઠનની આ પ્રક્રિયામાં યુરોપના એકીકરણને કારણે યુરોપે ભારતને મહત્વપૂર્ણ તકો માની એક તક પૂરી પાડી હતી કારણ કે યુરોપિયન યુનિયન વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર બન્યું હતું અને માટે તે જ ભારતના ઝડપથી વિકસતા અર્થતંત્રની જરૂરિયાતોને મદદ કરી શક્યું હતું. શીત યુદ્ધ પછીના ભારતીય અર્થતંત્રમાં આર્થિક સુધારાના પરિણામો તેના અર્થતંત્રના વિકાસમાં જોવા મળે છે. ભારતનું અર્થતંત્ર પોતાની જાતને સંપૂર્ણપણે બંધ અને અત્યંત અમલદારશાહીમાંથી લિબ્રલાઈઝ્ડ અને ઓપનમાં પરિવર્તિત કરી ચૂક્યું હતું, જે નોંધપાત્ર નવીનતા અને સંશોધન ક્ષમતાઓ અને વૈવિધ્યસભર ઔદ્યોગિક અને ટેક્નોલૉજીના આધાર સાથે ઉચ્ચ-તકનીકી વૈશ્વિક બજારમાં કામ કરવા માટે અનુકૂળ બન્યું હતું. ભારત યુરોપના આર્થિક સબંધોને સમજતા પહેલા અહી ઉપિયોગી સંશોધન પધ્ધતિ સમજીએ.

સાહિત્યની સમીક્ષા :

- વિશ્વ રાજકારણ - પ્રો. હસમુખ પંડયા - આ પુસ્તક દ્વારા ભારતની વિદેશ નીતિનો ઇતિહાસ જાણી શકાશે.
- ભારતીય વિદેશ નીતિ (હિન્દી) – ડૉ. સાંધ્ય જોષી - આ પુસ્તકથી ભારતના યુરોપિયાઇ દેશો તથા રશિયા સાથેના સંબંધોની માહિતી મળી શકશે.

- વાર્ષિક રિપોર્ટ ૨૦૨૩-૨૪, વિદેશ મંત્રાલય, ભારત સરકાર – આ વાર્ષિક રિપોર્ટના આધારે આ સમય દરમ્યાન ઘટિત મુખ્ય વેપરી ઘટનાઓ જાણી શકશે.
- Ministry of Commerce and Industry – Government of India – આ વેબસાઇટ દ્વારા ભારત યુરોપ વચ્ચે થયેલ વેપારના ડેટા પ્રાપ્ત કરી શકાશે જેના થકી ભારત યુરોપના આર્થિક સબંધોને સમજી શકશે.

તદઉપરાંત સમાચાર પત્રો, સામયિકો, સંશોધન પત્રો વગેરે દ્વારા પણ માહિતી પ્રાપ્ત થાય છે જે આ વિષયની પાયાની માહિતી ગણાવી શકાય આ માહિતી દ્વારા ભારત યુરોપના આર્થિક સબંધને સમજવામાં મદદરૂપ થઈ શકશે.

સંશોધનના હેતુઓ :

સંશોધનની દિશા નક્કી કરવા માટે તથા તેને જરૂરી હકીકતો એકત્ર કરવા માટે સંશોધનના હેતુઓ નક્કી કરવા જરૂરી બની જાય છે.

“ભારત યુરોપ આર્થિક સબંધો” સંશોધન સમસ્યાના હેતુઓ આ મુજબ છે.

- ભારત યુરોપના ઇતિહાસની સમીક્ષા.
- ભારતના યુરોપ સાથેના સંબંધોની સમીક્ષા.
- ભારત યુરોપ વચ્ચે વેપારની સમીક્ષા.
- ભારત યુરોપ વચ્ચે આર્થિક સબંધોની સમીક્ષા.

સંશોધન પદ્ધતિઓ :

- **ગ્રંથાલય પદ્ધતિ :**

ગ્રંથાલયમાંથી મળી શકતા પુસ્તકો, સામયિકો, સમાચાર પત્રો, જૂના સંશોધનો, ઇન્ટરનેટ તથ અન્ય દસ્તાવેજો લખાણોની જરૂર બધા જ સંશોધન વખતે પડતી હોય છે.

સંશોધન સમસ્યા “ભારત યુરોપના આર્થિક સંબંધ” સંશોધન સમસ્યાની પાયાની જાણકારી મેળવવા પુસ્તકો, સામયિકો, સમાચાર પત્રો, ઇન્ટરનેટ, વિવિધ માહિતી એકત્ર કરવામાં આવશે આ પદ્ધતિથી માહિતી એકત્ર કરી તેનું વર્ગીકરણ કરી તેને રાજ્યશાસ્ત્રની દ્રષ્ટિએ મૂલવવામાં આવશે.

- **ઐતિહાસિક પદ્ધતિ :**

ઐતિહાસિક સંશોધન ભૂતકાળ સાથે સંબંધિત છે. તે ભવિષ્યને સમજવા માટે ભૂતકાળનું વિશ્લેષણ કરે છે જ્હોન ડબલ્યુ. બેસ્ટ અનુસાર, ઐતિહાસિક સંશોધન ઐતિહાસિક સમસ્યાઓના વૈજ્ઞાનિક વિશ્લેષણ સાથે સંબંધિત છે. તેના વિવિધ પંક્તિઓ ભૂતકાળ વિશે નવી સમજ ઉભી કરે છે, જે વર્તમાન અને ભવિષ્ય સાથે સંબંધિત છે.

ઐતિહાસિક સંશોધનનો મૂળ હેતુ ભૂતકાળના આધારે વર્તમાનને સમજવાનો અને ભવિષ્ય માટે સજાગ રહેવાનો છે અને ભૂતકાળના સંદર્ભમાં વર્તમાન ઘટનાઓનો અભ્યાસ કરવાનો અને ભવિષ્યમાં તેમનું મહત્વ શોધવાનો છે. આ પદ્ધતિથી ભૂતકાળનો અભ્યાસ કરી વર્તમાન સમયમાં ભારત યુરોપના આર્થિક સબંધોની સમીક્ષા થઈ શકશે

- **વર્ણનાત્મક પદ્ધતિ :**

વર્ણનાત્મક પદ્ધતિ સંશોધનનું વર્ણન અને વિશ્લેષણ કરે છે. પરિસ્થિતિ અથવા સંબંધો જે વાસ્તવમાં હાજર છે, પ્રથાઓ જે ચાલુ છે, માન્યતાઓ, વિચારો અથવા વલણો જે મળી રહ્યા છે, પ્રક્રિયાઓ જે ચાલી રહી છે, અનુભવો જે પ્રાપ્ત થઈ રહ્યા છે અથવા તે નવા સાથે સંબંધિત છે અને દિશાઓ જે વિકાસ કરી રહી છે તેથી સંબંધિત છે.

વર્તમાન પરિસ્થિતિને સમજાવવા અને ભવિષ્યના આયોજન અને સંબંધિત ફેરફારોમાં આ પદ્ધતિથી મદદ મળે છે. આ પદ્ધતિથી આપણે ભારત યુરોપના આર્થિક સંબંધોનું વર્ણન કરી શકીશું.

સંશોધન પધ્ધતિને સમજ્યા બાદ આગળ ભારત યુરોપ વચ્ચે થયેલ આર્થિક આદાન-પ્રદાનની આંકડાકીય માહિતી મેળવી તેનું વિશ્લેષણ કરવા પ્રયત્ન કરીએ.

- **ભારત યુરોપ વેપાર**

ભારત અને યુરોપ વચ્ચે વેપાર સુગમતા માટે ઇન્ડિયા ઇયુ ટ્રેડ એન્ડ ટેકનોલોજી કાઉન્સિલ (ટીટીસી)ની શરૂઆત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને યુરોપિયન કમિશનના પ્રમુખ સુશ્રી ઉર્સુલા વોન ડેર લેયેને એપ્રિલ, 2022માં તેમની બેઠક દરમિયાન કરી હતી. ટીટીસીની સ્થાપના વ્યૂહાત્મક સંકલન વ્યવસ્થા તરીકે કરવામાં આવી હતી, જે બંને ભાગીદારોને વેપાર, વિશ્વસનીય ટેકનોલોજી અને સુરક્ષાના જોડાણના પડકારોનો સામનો કરવાની તક આપ છે અને આ રીતે આ ક્ષેત્રોમાં સહકારને ગાઢ બનાવાયો છે. તાજેતરના વેપારમાં ભારત અને યુરોપ વચ્ચે નાણાકીય વર્ષ 2022 અને 2023માં ભારતની યુરોને નિકાસની આંકડાકીય માહિતી ચાર્ટ અને કોષ્ટક દ્વારા સમજી તેનું વિશ્લેષણ કરવા પ્રયત્ન કરીએ.

- **ભારતની યુરોપને નિકાસ**

મૂલ્ય, અમેરિકન $ મિલિયનમાં



ભારતની યુરોપિયન યુનિયન દેશોને નિકાસ નાણાકીય વર્ષ 2022-23માં 74,836.50 મિલિયન ડૉલર હતી જે નાણાકીય વર્ષ 2023-24માં વધીને 75,925.30 મિલિયન ડૉલર થઈ હતી. ભારતની યુરોપ મુક્ત વેપાર સંગઠન (EFTA)ને નિકાસ નાણાકીય વર્ષ 2022-23માં 1,926.43 મિલિયન ડૉલર હતી જે નાણાકીય વર્ષ 2023-24માં વધીને 1,943.04 મિલિયન ડૉલર થઈ હતી. તથા અન્ય યુરોપિયાઈ દેશોને નિકાસ નાણાકીય વર્ષ 2022-23માં 21,515.91

મિલિયન ડૉલર હતી જે નાણાકીય વર્ષ 2023-24માં ઘટીને 20,939.07 મિલિયન ડૉલર થઈ હતી. આમ, ભારતની યુરોપને કુલ નિકાસ નાણાકીય વર્ષ 2022-23માં 98,278.84 મિલિયન ડૉલર હતી જે નાણાકીય વર્ષ 2023-24માં વધીને 98,807.41 મિલિયન ડૉલર થઈ હતી.

- **ભારતની યુરોપિયન યુનિયન દેશોને નિકાસ**

ક્રમ	દેશ	2022-2023	2023-2024	તફાવત %
1.	ઑસ્ટ્રિયા	1,261.64	1,136.41	-9.93
2.	બેલ્જિયમ	8,864.09	7,837.17	-11.59
3.	બલ્ગેરિયા	211.42	223.64	5.78
4.	ક્રોએશિયા	339.73	233.30	-31.33
5.	સાયપ્રસ	81.88	94.92	15.92
6.	ચેક રિપબ્લિક	1,169.32	1,389.79	18.85
7.	ડેનમાર્ક	911.39	856.24	-6.05
8.	એસ્ટોનિયા	71.26	77.29	8.47
9.	ફિનલેન્ડ	532.50	582.52	9.39
10.	ફ્રાન્સ	7,610.06	7,141.09	-6.16
11.	જર્મની	10,134.55	9,839.63	-2.91
12.	ગ્રીસ	785.72	1,055.17	34.29
13.	હંગેરી	575.44	561.46	-2.43
14.	આયર્લેન્ડ	581.50	702.73	20.85
15.	ઇટાલી	8,691.43	8,765.78	0.86
16.	લાતવિયા	187.31	220.49	17.71
17.	લિથુઆનિયા	357.44	314.42	-12.04
18.	લક્ઝમબર્ગ	41.76	39.65	-5.04
19.	માલ્ટા	312.76	496.11	58.63
20.	નેધરલેન્ડ	21,618.38	22,366.86	3.46
21.	પોલેન્ડ	2,323.11	2,436.27	4.87
22.	પોર્ટુગલ	1,005.41	1,183.80	17.74
23.	રોમાનિયા	744.39	1,778.05	138.86
24.	સ્લોવાક રિપબ્લિક	190.22	193.03	1.48
25.	સ્લોવેનિયા	610.87	586.97	-3.91
26.	સ્પેન	4,661.01	4,793.70	2.85
27.	સ્વીડન	961.93	1,018.80	5.91
	કુલ	**74,836.50**	**75,925.30**	**1.45**

- **ભારતની યુરોપ મુક્ત વેપાર સંગઠન (EFTA)ને નિકાસ**

ક્રમ	દેશ	2022-2023	2023-2024	તફાવત %
1.	આઇસલેન્ડ	10.41	12.16	16.85
2.	લિક્ટેનસ્ટાઇન	0.30	0.88	197.27
3.	નોર્વે	569.19	403.08	-29.18
4.	સ્વિટ્ઝર્લેન્ડ	1,346.54	1,526.92	13.40
	કુલ	**1,926.43**	**1,943.04**	**0.86**

- **ભારતની અન્ય યુરોપિયાઈ દેશોને નિકાસ**

ક્રમ	દેશ	2022-2023	2023-2024	તફાવત %
1.	અલ્બેનિયા	344.52	1,154.05	234.97
2.	બોસ્નિયા	17.23	29.28	69.95
3.	મેસેડોનિયા	27.90	36.64	31.33
4.	સર્બિયા	82.69	106.91	29.29
5.	મોન્ટેનેગ્રો	28.28	34.91	23.46
6.	તુર્કીયે	9,609.67	6,654.63	-30.75
7.	યુકે	11,405.63	12,922.65	13.30
	કુલ	**21,515.91**	**20,939.07**	**-2.68**

`

ભારતની યુરોપિયન દેશોને નિકાસમાં નાણાકીય વર્ષ 2022-23માં સૌથી વધારે નિકાસ નેધરલેન્ડને 21,618.38 મિલિયન ડૉલર તથા બીજા ક્રમે યુકેને નાણાકીય વર્ષ 2022-23માં 11,405.63 મિલિયન ડૉલર તથા 10,134.55 મિલિયન ડૉલરની નિકાસ સાથે જર્મની ત્રીજા ક્રમે હતું જે નાણાકીય વર્ષ 2023-24માં નેધરલેન્ડને વધીને 22,366.86, યુકેને વધીને 12,922.65 તથા જર્મનીને ઘટીને 9,839.63 થઈ હતી.

ભારતની યુરોપિયન યુનિયન દેશોને નિકાસમાં નાણાકીય વર્ષ 2022-23માં સૌથી ઓછી નિકાસ લિક્ટેનસ્ટાઇનને 0.30 મિલિયન ડૉલર તથા છેલ્લેથી બીજા ક્રમે લક્ઝમબર્ગ 41.76 મિલિયન ડૉલર અને 71.26 મિલિયન ડૉલરની નિકાસ સાથે એસ્ટોનિયા છેલ્લેથી ત્રીજા ક્રમે હતું જે નાણાકીય વર્ષ 2023-24માં નિકાસ લિક્ટેનસ્ટાઇનને વધીને 0.88 તથા લક્ઝમબર્ગને ઘટીને 39.65 અને એસ્ટોનિયાને વધીને 77.29 થઈ હતી.

ભારતની યુરોપિયન યુનિયન દેશોને કુલ નિકાસ નાણાકીય વર્ષ 2022-23માં 74,836.50 હતી જે 1.45 % ના વધારા સાથે નાણાકીય વર્ષ 2023-24માં 75,925.30 થઈ હતી. યુરોપ મુક્ત વેપાર સંગઠન (EFTA)ને કુલ નિકાસ નાણાકીય વર્ષ 2022-23માં 1,926.43 હતી જે 0.86 % ના વધારા સાથે નાણાકીય વર્ષ 2023-24માં 1,943.04 થઈ હતી. અન્ય યુરોપિયાઈ દેશોને કુલ નિકાસ નાણાકીય વર્ષ 2022-23માં 21,515.91 હતી જે 2.68 % ના ઘટાડા સાથે નાણાકીય વર્ષ 2023-24માં 20,939.07 રહી હતી.

- **ભારતમાં યુરોપથી આયાત**

મૂલ્ય, અમેરિકન $ મિલિયનમાં



ભારતમાં યુરોપિયન યુનિયન દેશોથી આયાત નાણાકીય વર્ષ 2022-23માં 61,054.88 મિલિયન ડૉલર હતી જે નાણાકીય વર્ષ 2023-24માં વધીને 61,484.76 મિલિયન ડૉલર થઈ હતી. ભારતમાં યુરોપ મુક્ત વેપાર સંગઠન (EFTA)થી આયાત નાણાકીય વર્ષ 2022-23માં 16,738.93 મિલિયન ડૉલર હતી જે નાણાકીય વર્ષ 2023-24માં વધીને 22,056.36 મિલિયન ડૉલર થઈ હતી. તથા અન્ય યુરોપિયાઈ દેશોથી આયાત નાણાકીય વર્ષ 2022-23માં 13,197.84 મિલિયન ડૉલર હતી જે નાણાકીય વર્ષ 2023-24માં ઘટીને 12,228.61 મિલિયન ડૉલર થઈ હતી. આમ, ભારતમાં યુરોપથી કુલ આયાત નાણાકીય વર્ષ 2022-23માં 90,991.65 મિલિયન ડૉલર હતી જે નાણાકીય વર્ષ 2023-24માં વધીને 95,769.73 મિલિયન ડૉલર થઈ હતી.

- **ભારતમાં યુરોપિયન યુનિયન દેશોથી આયાત**

ક્રમ	દેશ	2022-2023	2023-2024	તફાવત %
1.	ઑસ્ટ્રિયા	837.63	922.23	10.10
2.	બેલ્જિયમ	9,177.67	7,236.82	-21.15
3.	બલ્ગેરિયા	433.19	192.31	-55.61
4.	ક્રોએશિયા	117.54	58.06	-50.60
5.	સાયપ્રસ	116.17	41.25	-64.49
6.	ચેક રિપબ્લિક	778.09	735.87	-5.43
7.	ડેનમાર્ક	770.37	917.58	19.11
8.	એસ્ટોનિયા	139.95	138.01	-1.38
9.	ફિનલેન્ડ	1,491.62	913.48	-38.76
10.	ફ્રાન્સ	6,201.05	7,971.16	28.55
11.	જર્મની	16,601.53	16,644.27	0.26
12.	ગ્રીસ	1,157.90	884.40	-23.62
13.	હંગેરી	307.19	306.81	-0.12
14.	આયર્લેન્ડ	3,630.44	5,681.45	56.49
15.	ઇટાલી	5,591.91	5,796.48	3.66
16.	લાતવિયા	250.12	183.69	-26.56
17.	લિથુઆનિયા	114.24	136.39	19.39
18.	લક્ઝમબર્ગ	100.82	265.05	162.91
19.	માલ્ટા	51.35	35.67	-30.52
20.	નેધરલેન્ડ	5,961.36	4,966.49	-16.69
21.	પોલેન્ડ	1,366.40	1,504.26	10.09
22.	પોર્ટુગલ	196.10	178.33	-9.06
23.	રોમાનિયા	562.21	1,200.04	113.45
24.	સ્લોવાક રિપબ્લિક	70.92	67.60	-4.68
25.	સ્લોવેનિયા	297.83	307.74	3.33
26.	સ્પેન	3,001.68	2,454.95	-18.21
27.	સ્વીડન	1,729.61	1,744.35	0.85
	કુલ	**61,054.88**	**61,484.76**	**0.70**

- **યુરોપ મુક્ત વેપાર સંગઠન (EFTA)**

ક્રમ	દેશ	2022-2023	2023-2024	તફાવત %
1.	આઇસલેન્ડ	4.95	5.98	20.74
2.	લિક્ટેનસ્ટાઇન	1.97	8.52	333.41
3.	નોર્વે	938.06	793.85	-15.37
4.	સ્વિટ્ઝર્લેન્ડ	15,793.95	21,248.02	34.53
	કુલ	**16,738.93**	**22,056.36**	**31.77**

- **અન્ય યુરોપિયાઇ દેશો**

ક્રમ	દેશ	2022-2023	2023-2024	તફાવત %
1.	અલ્બેનિયા	10.57	7.59	-28.18
2.	બોસ્નિયા	2.51	5.19	106.38
3.	મેસેડોનિયા	1.37	0.73	-46.74
4.	સર્બિયા	13.71	19.48	42.03
5.	મોન્ટેનેગ્રો	0.10	1.74	1,715.97
6.	તુર્કીયે	4,208.84	3,780.29	-10.18
7.	યુકે	8,960.73	8,413.59	-6.11
	કુલ	**13,197.84**	**12,228.61**	**-7.34**

ભારતમાં યુરોપિયન દેશોથી આયાતમાં નાણાકીય વર્ષ 2022-23માં સૌથી વધારે આયાત જર્મનીથી 16,601.53 મિલિયન ડૉલર તથા બીજા ક્રમે સ્વિટ્ઝર્લેન્ડથી નાણાકીય વર્ષ 2022-23માં 11,405.63 મિલિયન ડૉલર તથા 10,134.55 મિલિયન ડૉલરની આયાત સાથે યુકે ત્રીજા ક્રમે હતું જે નાણાકીય વર્ષ 2023-24માં સ્વિટ્ઝર્લેન્ડથી આયાત વધીને 21,248.02, જર્મનીથી આયત વધીને 16,644.27 તથા યુકેને આયાત ઘટીને 8,413.59 થઇ હતી.

ભારતમાં યુરોપિયન દેશોથી આયાતમાં નાણાકીય વર્ષ 2022-23માં સૌથી ઓછી આયાત મોન્ટેનેગ્રોથી 0.10 મિલિયન ડૉલર તથા છેલ્લેથી બીજા ક્રમે મેસેડોનિયા 1.37 મિલિયન ડૉલર અને 1.97 મિલિયન ડૉલરની આયાત સાથે લિક્ટેનસ્ટાઇન છેલ્લેથી ત્રીજા ક્રમે હતું જે નાણાકીય વર્ષ 2023-24માં આયાત મેસેડોનિયાથી 0.73, મોન્ટેનેગ્રોથી વધીને 1.74 તથા બોસ્નિયાથી વધીને 5.19 થઇ હતી.

ભારતમાં યુરોપિયન યુનિયન દેશોથી કુલ આયાત નાણાકીય વર્ષ 2022-23માં 61,054.88 હતી જે 0.70 % ના વધારા સાથે નાણાકીય વર્ષ 2023-24માં 61,484.76 થઇ હતી. યુરોપ મુક્ત વેપાર સંગઠન (EFTA)થી કુલ આયાત નાણાકીય વર્ષ 2022-23માં 16,738.93 હતી જે 31.77 % ના વધારા સાથે નાણાકીય વર્ષ 2023-24માં 22,056.36 થઇ હતી. અન્ય યુરોપિયાઇ દેશોથી કુલ આયાત નાણાકીય વર્ષ 2022-23માં 13,197.84 હતી જે 7.34 % ના ઘટાડા સાથે નાણાકીય વર્ષ 2023-24માં 12,228.61 રહી હતી.

ઉપસંહાર

ભારત અને યુરોપ વચ્ચેનો સંબંધ લોકશાહી, કાયદાનું શાસન, નિયમો આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા અને બહુપક્ષીયવાદ જેવા સહિયારા મૂલ્યો અને સિદ્ધાંતો પર આધારિત છે. આ સંબંધો બહુમુખી છે અને રોકાણ, આબોહવામાં પરિવર્તન, વિજ્ઞાન અને ટેકનોલોજી, ડિજિટલ, કનેક્ટિવિટી અને કૃષિ વેપાર સહિતના વિષયોના વિશાળ સ્પેક્ટ્રમને આવરી લે છે. વિશ્વના બે સૌથી મોટા બજાર અમેરિકા અથવા ચીન કરતા આંતરરાષ્ટ્રીય વેપાર પર વધુ નિર્ભર, બ્રસેલ્સ અને નવી દિલ્હી ઘણા હિતો ધરાવે છે. 2022માં ભારત યુરોપિયન યુનિયનનો 10મો સૌથી મોટો વેપારી ભાગીદાર દેશ હતો, જે ચીજવસ્તુઓમાં યુરોપિયન યુનિયનના કુલ દ્વિપક્ષીય વેપારમાં આશરે 2.2 ટકા હિસ્સો ધરાવે છે. ભારતમાં યુરોપથી કુલ આયાત નાણાકીય વર્ષ 2022-23માં 90,991.65 મિલિયન ડૉલર હતી જે નાણાકીય વર્ષ 2023-24માં વધીને 95,769.73 મિલિયન ડૉલર થઇ હતી તથા ભારતની યુરોપને કુલ નિકાસ

નાણાકીય વર્ષ 2022-23માં 98,278.84 મિલિયન ડૉલર હતી જે નાણાકીય વર્ષ 2023-24માં વધીને 98,807.41 મિલિયન ડૉલર થઈ હતી.

સંદર્ભસૂચિ

1. વિશ્વ રાજકારણ - પ્રો. હસમુખ પંડયા, ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
2. ભારતીય વિદેશ નીતિ (હિન્દી) – ડૉ. સાંધ્ય જોષી, કૈલાશ પુસ્તક સદન, ભોપાલ, ૨૦૨૧.
3. शिवम पाल, आंतरराष्ट्रीय सम्बन्ध, वंदना पब्लिकेशन्स, नई दिल्ली, २०१२.
4. आर. एस. यादव, भारत की विदेश नीति, डॉर्लिंग किन्डरस्ले (इंडिया) प्रा. लि., २०१३.
5. વાર્ષિક રિપોર્ટ ૨૦૨૩-૨૪, વિદેશ મંત્રાલય ભારત સરકાર
6. ગુજરાતી સમાચાર પત્રો- દિવ્યભાસ્કર, સંદેશ, ગુજરાત સમાચાર
7. https://tradestat.commerce.gov.in/eidb/default.asp